
# શહેરમાં મોડીસાંજે મેઘરાજાની ધામધૂમથી પધરામણી



રથયાત્રાની પૂર્વસંધ્યાએ એટલે કે અષાઢસ્ય પ્રથમ દિવસે મેઘરાજાની પધારમણીના શુકન પાટનગરને થયા હતા... રવિવારે મોડીસાંજે એક સાથે બે સમાચાર ગાંધીનગરને સારા મળ્યા... મેઘરાજાની પધરામણીની સાથોસાથ ભગવાન જગન્નાથની રથયાત્રાના મીની રૂટને મંજુરી આપ્યાના સમાચારે હૃદયને ભીંજવ્યું હતું... જ્યારે ગાજવીજ સાથે શહેરમાં પધરામણી કરેલા મેઘરાજાએ બાહ્ય ભીંજ્યા... બસ મેઘરાજા મન મૂકીને ગાંધીનગરને લીલુછમ રાખે એવી જગતના નાથના ચરણોમાં પ્રાર્થના સાથે, જય રણછોડ....

# વિકાસની વણઝાર નહિ રોકાય : અમિત શાહ

### કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ ૨૧૫ કરોડના ૭ કામોનું લોકાર્પણ અને ૨ કામોનું ખાતમુહૂર્ત કર્યું છ : ૧૯૨.૩૮ કરોડના ૯ વિકાસ કાર્યોનું લોકપર્ણ કર્યુ





અમદાવાદ, તા.૧૧

અમદાવાદમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ ૨૧૫ કરોડના ૭ કામોનું લોકાર્પણ અને ૨ કામોનું ખાતમુહૂર્ત કર્યુ છે. કેન્દ્રીય ગૃહમંત્રી તથા ગાંધીનગર લોકસભા સાંસદ અમિત શાહ હાલ ગુજરાત પ્રવાસે છે. તેઓ આજથી ૨ દિવસ પોતાના મતવિસ્તારમાં વિકાસ કાર્યોનું લોકર્પણ કરવાના છે.

તેમણે અમદાવાદમાં આજે ૨૧૫ કરોડના ૭ કામોનું લોકાર્પણ અને ૨ કામોનું ખાત મુહૂર્ત કર્યું છે. બોપલમાં લોકાર્પણ પ્રસંગે તેમણે કહ્યું કે, અગાઉ આખો વિસ્તાર ધૂળિયો હતો, આજે ચારેય તરફ વિકાસ છે. અમે અગાઉ વિકાસના મૂળિયા નાંખ્યા હતા, આજે તેના ફળ મળ્યા છે. વિકાસની વણઝાર ક્યારેય નહિ રોકાય તેની ખાતરી આપુ છું.

તેમણે કહ્યું કે, સંભવિત ત્રીજી લહેર ને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે તૈયારી કરી લીધી છે. આ વખતે ઓક્સિજનની અછત ન પડે એવી તમામ કામગીરી કરી લેવાઈ છે. રસી લેવા માટે જેને આશંકા કે મૂંઝવણ હોય તો આપણે તેને દૂર કરવી જોઈએ.

તેમણે કહ્યું કે, આજે મારા માટે ખુશીનો દિવસ છે. આજે મને ઔડા અને પશ્ચિમ રેલવાના ૨૬૭ કરોડ રૂપિયાના વિકાસ કાર્યોનું ઉદઘાટન કરવાની તક મળી. તેમણે વધુમાં કહ્યું કે, મેં ત્રણ પ્રકારના નેતા જોયા છે. એક જે માત્ર ઉદઘાટનમાં ભાગ લે છે. બીજો એ જે, પોતાના સમયમાં નક્કી કરે છે કે, વિકાસ કાર્ય થયા છે કે નહિ. અને ત્રીજા નરેન્દ્ર મોદી છે, જે એવુ નક્કી કરે છે કે, તેમના ગયા બાદ પણ વિકાસ કાર્યો ચાલુ રહે.

આજે અમિત શાહ અમદાવાદ માં ૧૯૨.૩૮ કરોડના ૯ વિકાસ કર્યોનું લોકપર્ણ કર્યું. જેમાં બોપલ સિવિક સેન્ટર, લાયબ્રેરી, ગોતા કોમ્યુનિટી હોલ, વોટર ડિસ્ટ્રી બ્યુશન સ્ટેશન, વેજલપુર કોમ્યુનિટી હોલ, સબઝોનલ ઓફિસનું લોકપર્ણ કર્યું. સાથે જ ૧૨૮.૩૯ કરોડના વિવિધ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કર્યું. જેમાં ઘુમા વોટર સપ્લાય પ્રોજેક્ટ, જલજીવન મિશન હેઠળ ઝઉઁૐ પ્રોજેકટનું ખાતમુહૂર્ત કરાયું. સાથે જ ૩૪ કરોડના સાણંદ બાવળાના વિકાસ કાર્યોનું પણ લોકાપર્ણ કરાયું.

# મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જગન્નાથજી મંદિરમાં દર્શન કર્યા

### રૂપાણીએ રથયાત્રાની પૂર્વ તૈયારીઓનું નિરીક્ષણ કર્યું : નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની પણ ઉપસ્થિતિ રહ્યા

અમદાવાદ, તા.૧૧

રથયાત્રાની પૂર્વ સંધ્યાએ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલ મુલાકાત લેવા માટે પહોંચ્યા હતા. આ મુલાકાત દરમિયાન તેમણે રથયાત્રાની પૂર્વ તૈયારીઓનું નિરીક્ષણ કર્યું હતું. ગુજરાતની સુખ, સમૃધ્ધિ અને વિકાસ માટે ભગવાન જગન્નાથની કૃપા આશિષ વરસતા રહે તેવી અપીલ કરી હતી. ગુજરાત કોરોનાથી ત્વરાએ મુક્ત થાય અને સૌ સ્વસ્થ રહે તેવી પ્રાર્થના મુખ્યમંત્રીએ પ્રભુના ચરણોમાં કરી હતી. સૌ નાગરિકો ઘરમાં રહીને દૂરદર્શન અને અન્ય ચેનલો પરથી યાત્રાનું થનારું લાઈવ ટેલિકાસ્ટ નિહાળી ઘરે બેઠા જ ભગવાન ના દર્શન કરે તેવું જણાવ્યું હતું. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની પણ વિશેષ ઉપસ્થિતિ હતી.



મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે ૧૪૪મી જગન્નાથ રથ યાત્રાની પૂર્વ સંધ્યાએ અમદાવાદમાં જગન્નાથ મંદિરમાં ભકિત ભાવ પૂર્વક આરતી અને દર્શન અર્ચન કર્યા હતા. તેમણે મહંત દિલીપદાસજી મહારાજ અને મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝા સાથે બેઠક કરીને યાત્રાની વિગતો મેળવી હતી. વિજય રૂપાણીએ આ અવસરે જણાવ્યું કે, રથયાત્રાએ ધાર્મિકની સાથે સાથે લોકોત્સવ પણ છે. માત્ર અમદાવાદ જ નહી પરંતુ સમગ્ર રાજય માટે રથયાત્રા અદ્‌કેરૂ મહત્વ ધરાવે છે.

ભગવાન જગન્નાથ લોકોનાં દેવ છે અને લોકોને સામે ચાલીને મળવા, દર્શન આપવા અષાઢી બીજે રથમાં બિરાજીને નગર યાત્રાએ નીકળે છે એ આપણી પરંપરા રહી છે.

લોકો પણ આ યાત્રામાં સાથે મળીને ભક્તિભાવ પૂર્વક જોડાય છે. મુખ્યમંત્રીએ કહ્યું કે આ વખતની રથયાત્રા આપણા માટે થોડી અલગ છે. રાજ્ય સરકારે લોકોની આસ્થા શ્રદ્‌ધા ધ્યાને રાખીને કોવિડની



પરિસ્થિતીના પગલે કોવિડ સંક્રમણ નિયંત્રણ ના પ્રોટોકોલ અને ગાઈડલાઈન પ્રમાણે આ રથયાત્રા નિયંત્રિત રીતે યોજવા મંજૂરી આપી છે ત્યારે લોકો પણ સહયોગ આપે તે જરૂરી છે.

# જિલ્લામાં ૫૯,૬૬૧ હેક્ટરમાં ખરીફ વાવણીનું કાર્ય સંપન્ન

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં ખરીફ વાવેતર ૫૯,૬૬૧ હેક્ટર



વિસ્તારમાં સંપન્ન થયુ છે. જિલ્લામાં આ સાથે ૪૯ ટકા વિસ્તારમાં વાવેતર સંપન્ન થયુ છે.

જિલ્લામાં વરસાદ ખેંચાતા વાવણી ધીમી પડી હતી. જો કે મેઘરાજાનો બીજો રાઉન્ડ શરૂ થયો છે અને વાવણીમાં હવે વેગ આવશે તેમ ખેડૂતોની વાતચીતમાં જાણવા મળ્યુ છે.

જિલ્લાની પાક પેટર્નમાં પણ ફેરફાર જોવા મળ્યો છે. જિલ્લામાં આ વખતે મગફળીનું વાવેતર વિક્રમી થયુ છે. જિલ્લામાં મગફળીનું વાવેતર આજ સુધીમાં ૧૧૭૦૩ હેક્ટરમાં નોંધાયુ છે. છેલ્લા ૩ વર્ષમાં સરેરાશ ૮૨૮૧ હેક્ટરમાં આ વાવેતર થતુ હતુ. જિલ્લામાં મગફળીનું આ વખતે સૌથી વધુ વાવેતર દહેગામમાં નોંધાયુ છે.

જિલ્લામાં ડાંગરનું વાવેતર ૩૨૮૭ હેક્ટરમાં, બાજરીનું વાવેતર ૫૩૦ હેક્ટરમાં, જુવારનું વાવેતર ૧૬ હેક્ટરમાં, મકાઈનું વાવેતર ૧૨ હેક્ટરમાં, મગનું વાવેતર ૩૯૨ હેક્ટરમાં, મઠનું વાવેતર ૯૫ હેક્ટરમાં, અડદનું વાવેતર ૧૩૬ હેક્ટરમાં, તલનું વાવેતર ૧૨૨ હેક્ટરમાં, દિવેલાનું વાવેતર ૫૦ હેક્ટરમાં, સોયાબીનનું વાવેતર ૨૯ હેક્ટરમાં, કપાસનું વાવેતર ૧૯,૪૭૭ હેક્ટરમાં, ગુવારનું વાવેતર ૭૨૨ હેક્ટરમાં, શાકભાજીનું વાવેતર ૭૧૭૮ હેક્ટરમાં અને ઘાસચારાનું વાવેતર ૧૫,૯૧૨ હેક્ટરમાં નોંધાયુ છે.

દહેગામમાં ૨૦,૮૧૪ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૧૩,૩૪૮ હેક્ટરમાં, કલોલમાં ૬૧૮૬ હેક્ટરમાં અને માણસામાં ૧૯,૩૧૩ હેક્ટરમાં વાવેતર સંપન્ન થયુ છે.

જિલ્લામાં ગઈકાલથી મેઘરાજાના બીજા રાઉન્ડનુ ધીમી ગતિએ આગમન થયુ છે. ગઈકાલે માત્ર ગાંધીનગર તાલુકામાં ૧ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો. આજે સાંજે પાંચ વાગ્યા પછી માણસા, કલોલમાં સારો વરસાદ થયાના અહેવાલો છે. જિલ્લામાં હવે ખરીફ સિઝનની વાવણી વેગીલી થશે. જેમાં દિવેલા, ગુવાર, કપાસ સહિતના પાકોનું વાવેતર વધશે તેમ જાણવા મળેલ છે.

## રાજ્યમાં માત્ર નવા ૪૨ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧૧

રાજ્યમાં કોરોના હવે તબક્કાવાર કાબુમાં આવી રહ્યો છે. રોજિંદા કેસ ધીરે ધીરે ઘટી રહ્યા છે. રાજ્યમાં આજે નવા ૪૨ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૨૬૨ દર્દીઓ સાજા થયા છે. અત્યાર સુધીમાં ૮,૧૩,૨૩૮ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં સાજા થવાનો દર ૯૮.૬૬ ટકાએ પહોંચ્યો છે. તો બીજી તરફ સરકાર રસીકરણ પણ જોરોશોરોથી કરી રહી છે. રાજ્યમાં ૨,૩૨,૯૪૯ દર્દીઓનું એક જ દિવસમાં રસીકરણ કરવામાં આવ્યું છે.

એક્ટિવ દર્દીઓમાં ૯૩૧ કુલ સારવાર હેઠળ છે. જે પૈકી ૦૯ લોકો વેન્ટિલેટર પર છે. ૯૨૨ લોકો સ્ટેબલ છે. ૮,૧૩,૨૩૮ લોકોને ડીસ્ચાર્જ કરી દેવામાં આવ્યા છે. ૧૦૦૭૩ લોકોનાં અત્યાર સુધીમાં કુલ મોત નિપજ્યાં છે. જો કે આજે કોરોનાને કારણે એક પણ વ્યક્તિનું મોત નિપજ્યું નથી.

# ૨૦૨૦-૨૧માં ૧૦ટકા બાળકો ઓછા વજન સાથે જન્મ લીધો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં ૨૦૨૦-૨૧ના વર્ષમાં ૧૦ ટકા જેટલા બાળકો ઓછા વજન સાથે જન્મ્યા હતા. આજે વિશ્વ વસ્તી દિવસની ઉજવણી થઈ રહી છે ત્યારે કુપોષણની સમસ્યા એ મોટો પડકાર બનીને ઉભરી આવી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૨૦૨૦-૨૧માં ૨૩,૬૯૦ બાળકોનો જન્મ થયો હતો જેમાં ૨૫૧૧ જેટલા બાળકો જન્મ સમયે ઓછુ વજન ધરાવતા હતા. સામાન્યતઃ બાળકનું વજન ૨.૫૦ કિલો હોય છે પણ તેથી ઓછુ વજન ધરાવતા બાળકોએ જન્મ લીધો હતો.

જિલ્લામાં બાળ સેક્સ રેસિયો નોંધપાત્ર સુધર્યો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ હતુ કે સીઆરએસ પ્રમાણે દર હજાર બાળકે ૯૨૧ દિકરીઓ જન્મી છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૧૧,૭૫૦ દિકરાઓ સામે ૧૧,૨૪૦ દિકરીઓના જન્મ ૨૦૨૦-૨૧માં નોંધાયા છે.

જિલ્લામાં પીસી એન્ડ ડીટી એકટની અમલવારી પણ અસરકારક રીતે થઈ રહી હોવાનો દાવો તંત્રના સત્રોએ કર્યો છે.

જિલ્લામાં વિશ્વ વસ્તી દિનની ઉજવણીને ધ્યાને રાખી આખા પખવાડિયા દરમ્યાન સાસુ સંમેલન સહિતના વિવિધ જન-જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

## વ્યાપક દરોડા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ પહેલાં જમ્મુ કાશ્મીર પ્રશાસને શનિવારે આતંકવાદી સંગઠનોની મદદ કરવાના આરોપમાં હિઝબુલ મુજાહિદીનના ચીફ સલાહુદીનના બે દીકરા અને બે પોલીસ કર્મચારી સહિત ૧૧ કર્મચારીઓને સસ્પેન્ડ કર્યા છે. સસ્પેન્ડ કરવામાં આવેલા કર્મચારી શિક્ષણ, પોલીસ, કૃષિ, કૌશલ વિકાસ, વીજળી, સ્વાસ્થ્ય વિભાગ તથા સ્કિમ્સ (શેર-એ-કાશ્મીર ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ)માં કાર્યરત હતા.

હિઝબુલના આતંકીના પુત્ર સૈયદ અહમદ શકીલ અને શાહિદ યુસુફને પણ ટેરર ફંડિંગમાં કથિત રીતે સામેલ હોવાને લઈને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. એનઆઈએ મુજબ બંને ભાઈઓ સિક્યોરિટી ફોર્સની અવરજવરને લઈને આતંકી જૂથો માહિતી આપતા હતા અને આતંકીઓને ગુપ્ત રીતે પ્રવૃતિઓમાં મદદ કરતા હતા.

અનંતનાગ જિલ્લામાં સુરક્ષાદળોએ શનિવારે એક્રાઉન્ટમાં ત્રણ આતંકીને ઠાર માર્યા

બીજી તરફ શનિવારે જ અનંતનાગ જિલ્લામાં સુરક્ષાદળોએ એક્રાઉન્ટરમાં ત્રણ આતંકીઓને ઠાર માર્યા હતા. આ મામલે એક પોલીસ અધિકારીએ કહ્યુ કે સુરક્ષાદળોએ રાનીપોરા વિસ્તારમાં ક્કારીગામમાં આતંકવાદીઓની હાજરીની સૂચના મળ્યા બાદ ઘેરાબંધી કરી તપાસ અભિયાન શરૂ કર્યુ હતું. જ્યારે સુરક્ષાદળ વિસ્તારમાં તપાસ કરી રહ્યા હતા તો આતંકવાદીઓએ તેમની પર ગોળી વરસાવી હતી.

## વોટ્સએપ ઓફ ધી વીક

● પાના ૪થાનું ચાલુ...

Last seen :

નાનકડી એવી વાર્તા છે. સાંજના સમયે, એક છોકરો 'ચપ્પલ'ની દુકાનમાં જાય છે. Typically ગામડીયો. આ નક્કી માર્કેટિંગવાળો હશે, એવો જ હતો પણ બોલવામાં સહેજ ગામડાની બોલી હતી પણ એકદમ કોન્ફિડન્ટ.

૨૨-૨૩ વર્ષ નો હશે. દુકાનદારનું પેહલા તો ધ્યાન પગ આગળજ જાય. એના પગમાં leather shoes હતા એ પણ એકદમ ચકાચક પોલિશ કરેલા... દુકાનદાર- શુ મદદ કરું આપની?

છોકરો- મારી માં માટે ચપ્પલ જોઈએ છે સારી અને ટકાઉ આપજો..

દુકાનદાર- એ આવ્યા છે ? એમના પગનું માપ..? છોકરાએ વોલેટ બહેર કાઢી એમાં થી ચાર ગડી કરેલ એક કાગળ કાઢ્યો. એ કાગળ પર પેનથી બે પગલાં દોર્યા હતા. દુકાનદાર-અરે મને પગના માપનો નંબર આપત તોય ચાલત...! આ સાંભળતાં જ એ છોકરો એકદમ બોલવા લાગ્યો 'શેનું માપ આપું સાહેબ ..? મારી માં એ આખી જિંદગીમાં ક્યારેય ચપ્પલ પહેર્યા નથી. મારી માં શેરડી તોડવાવાળી મજૂર હતી. કાંટામા ક્યાંય પણ જાતી. વગર ચપ્પલની ઢોર હમાલી અને મહેનત કરી અમને શિખાવ્યું. હું ભણ્યો અને નોકરીએ લાગ્યો. આજે પહેલો પગાર મળ્યો. દિવાળીમાં ગામડે જાઉં છું. મા માટે શું લઈ જાઉં..? મારા કેટલા વર્ષોનું સપનું હતું કે મારા પહેલા પગારમાંથી માં માટે હું ચપ્પલ લઈશ.

દુકાનદારે સારી અને ટકવાવાળી ચપ્પલ દેખાડી અને કીધું આઠસો રૂપિયાની છે. છોકરાએ કીધું ચાલશે. એની તૈયારી એ કરીને જ આવ્યો હતો. દુકાનદાર- એમજ પૂછું છું કેટલો પગાર છે તારો?? છોકરો- હમણાં તો બાર હજાર છે રહેવાનું, ખાવાનું પકડીને સાત-આઠ હજાર ખર્ચો થાય. બે-ત્રણ હજાર માં ને મોકલાવું છુ. દુકાનદાર- અરે તો આ આઠસો રૂપિયા થોડાક વધારે થાશે... છોકરાએ દુકાનદારને અધવચ્ચેજ રોકીને કહ્યું કે મને પોસાશે..!! દુકાનદારે બોક્સ પેક કર્યું છોકરાએ પૈસા આપ્યા અને બહુજ ખુશ થઈને બહાર નીકળ્યો.મોંઘું શુ એ ચપ્પલ ની કોઈ કિંમત થાય એમજ નહોતી... પણ દુકાનદારના મનમાં શુ આવ્યું કોને ખબરપ છોકરાને પાછો બોલાવીને દુકાનદારે હજી એક બીજું બોક્સ છોકરાના હાથમાં આપ્યું. અને દુકાનદાર બોલ્યો 'આ ચપ્પલ માં ને કહેજે કે તારા ભાઈ તરફથી ભેટ છે'. પેહલી ચપ્પલ ખરાબ થઈ જાય તો બીજી વાપરવાની. તારી મા ને કહેજે કે હવે વગર ચપ્પલનું નહીં ફરવાનું અને આ ભેટ માટે ના પણ નથી કહેવાનું. દુકાનદાર અને એ છોકરાના એમ બેયની આંખોમાં પાણી છલકાઈ આવ્યાં..!! 'શુ નામ છે તારા માં નું.?' દુકાનદારે પૂછ્યું. 'લક્ષ્મી' એટલું જ બોલ્યો.

દુકાનદાર તરતજ બોલ્યો મારા જય શ્રીકૃષ્ણ કહેજે એમને અને એક વસ્તુ આપીશ મને..? પગલાં દોરેલો પેલો કાગળ જોઈએ છે મને..!! એ છોકરો પેલો કાગળ દુકાનદારના હાથમાં દઈને ખુશ થઈ નીકળી ગયો. પહેલો ગડીદાર કાગળ દુકાનદારે દુકાનના મંદિરમાં રાખી દીધો. દુકાનના મંદિરમાં રાખેલ એ કાગળ દુકાનદારના દીકરીએ જોયો અને પૂછ્યું, બાપુજી આ શું છે...? દુકાનદારે એક લાંબો શ્વાસ લીધો અને દીકરી ને બોલ્યો લક્ષ્મી ના પગલાં છે બેટા. એક સાચા ભક્તે દોરેલા છે. આનાથી બરકત મળે ધંધામાં. દીકરીએ દુકાનદારે અને બધાએ એ પગલાને ભાવભક્તિ સાથે નમન કર્યું...!

## કાયદો અને કાનૂન

● પાના ૪થાનું ચાલુ...

રીસર્વે પ્રમોલગેશન અને ડીઝીટલ રેકોર્ડ ઈ-ધરા નાયબ મામતલતદાર, મામલતદાર, પ્રાંત અધિકારીએ કચેરીમાં બેસીને ઠરાવેલ છે રીસર્વે પ્રમોલગેશન કરવા માટે ખેડૂતોની કોઈ માંગણી નહોતી તેમજ ખેડૂતોની હાજરીમાં ખેડૂતોએ પ્રમોલગેશન સાક્ષી આપેલ નથી, જે કોઈ ગેરરીતિઓ અને ક્ષતિઓ હોય તેના માટે તલાટી, સર્કલ ઓફિસર, ઈ-ધરા નાયબ મામલતદાર, મામલતદાર, પ્રાંત અધિકારીની જવાબદારી બને છે, અને તેથી તેની સામે ફરીયાદ પણ કરી શકાય છે.

કોઈપણ નાગરીકના મિલ્કત કે હકક સંબંધિત રેકોર્ડ દસ્તાવેજ છે અને દસ્તાવેજી કાગળોમાં અનધિકૃત રીતે એકપક્ષીય ફેરફાર કરવો અથવા સુધારો કરવો, ચેકચાક કરવી, તે ફોજદારી ગુનો ગણાય છે, દસ્તાવેજી કાગળો અને રેકોર્ડમાં એક થી વધુ લોકો સામેલ હોય તો આઈપીસી ૧૧૪, ૪૬૫,૪૬૬,૪૬૭, ૪૬૮ મુજબ ફોજદારી ગુનો દાખલ કરી શકાય છે.

તલાટી, સર્કલ ઓફિસર, ઈ ધરા નાયબ મામલતદાર, મામલતદાર, પ્રાંત અધિકારીઓ દ્વારા રીસર્વે પ્રમોલગેશન અને ડીઝીટલ રેકોર્ડ ખેડૂત અને પંચ સાક્ષીની ગેરહાજરીમાં કરવામાં આવેલ હોય તો તે માટે જવાબદાર સરકારી રાજય સેવકો સામે પણ ખેડૂતો દ્વારા ફોજદારી ગુનો દાખલ કરી શકાય છે.

કોઈપણ રાજયસેવકોને કાયદાઓથી ઉપરવટ સતાઓ નથી તેઓએ પણ અમલમાં રહેલા બધા કાયદાઓનું પાલન કરવાની ફરજ છે, જો રાજયસેવક કાયદાઓનુ પાલન કરેલ ના હોય તો જે પ્રકારનો ગુનો બનતો હોય તે પ્રમાણે ફરીયાદ દાખલ કરી શકે છે.

ખેતીની જમીન બાબતે ગેરરીતીઓ જણાય તો ખેડૂતો મહેસુલ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રી, રાજયપાલશ્રી, અને ઈરાદાપુર્વક ગેરરીતીઓ કર્યાના પુરતા સાધનીક પુરાવાઓ હોય તો એક કરતાં વધુ રાજયસેવકોની બદઈરાદા સાથેની સંડોવણી હોય તો તકેદારી આયુકતશ્રી, ચીફ જસ્ટીસશ્રી, હાઈકોર્ટને ફરીયાદ રજુ કરી શકે છે, અને ફોજદારી ગુનો દાખલ કરવા માટે જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી તથા સ્થાનિક પોલીસ સ્ટેશનના પી.આઈ.ને પુરાવાઓ સાથે ફરીયાદ દાખલ કરી શકે છે. કોમ્પ્યુટરાઈઝ ટાઈપિંગ રેકોર્ડ અપડેટ અને રેકોર્ડના કાગળોના સ્કેનિંગની કામગીરી સમયે જેની જમીન હોય તે ખેડૂત રૂબરુ હાજર ના હોય તો તે ગેરરીતીઓ કે ક્ષતિઓ માટે ફરજ ઉપરના રાજયસેવક કર્મચારીઓ અને અધિકારીઓ જવાબદાર છે. કોઈપણ નાગરીકના સરકારી રેકોર્ડમાં હકક બાબતે અનધિકૃત ફેરફાર કરવા અથવા કબ્જા ભોગવટાની સંપતિમાં અનધિકૃત ફેરફાર કરવા તે ગંભીર ગુનો છે. સાદી અરજીથી રીસર્વે પ્રમોલગેશનની ક્ષતિઓ સુધારવાની સરકારે પાંચમી વાર મુદત વધારી છે પરંતુ તે મુદત બાબત નવુ પ્રમોલગેશન અમલમાં આવી ગયા બાદ જે કોઈ ગેરરીતીઓ અને ક્ષતિઓ સુધારવાની જરુર પડશે તો ખેડૂતોએ રાજય ખેતી પંચ અને કોર્ટમાં જવાની ફરજ પડશે.

આથી ખેડૂતો માટે સાવધાનપણે પોતાના જુના પ્રમોલગેશન નોંધ, હકક પત્રક નોંધ, વારસાઈ નોંધ, ક્ષેત્રફળ, જુની નવી શરત, જમીનના પ્રકારની રેવન્યુ રેકોર્ડ પ્રમાણે ચકાસણી કરી લેવી અને કોઈ ક્ષતિ જોવા મળે અથવા ગેરરીતિ થયેલ જણાય તો મામલતદારને અરજી કરીને ગેરરીતીઓ અને ક્ષતિઓ સુધારી લેવાની રહેશે જો આપેલી મુદત પહેલા ખેડૂતો ક્ષતિ સુધારવાની અરજી આપેલ નહી હોય તો નવુ પ્રમોલગેશન ફાઈનલી અમલમાં આવશે તે પછી ખેડૂતોએ કોર્ટ અને કૃષિપંચમાં વર્ષો સુધી ધક્કા ખાવા પડશે.

ખેડુતોએ પોતાની જમીનોના નવા ૭/૧૨ ઓનલાઈન કાઢીને ..અથવા પંચાયતમાંથી મેળવીને ચકાસી લેવાની તાકીદની જરૂરિયાત છે જેમાં

સર્વે નંબર, જમીનનું ક્ષેત્રફળ, જમીનનો પ્રકાર, વારસાઈ નામો, હકક પત્રક નોંધ,જુની શરત કે નવી શરત, વગેરે બધુ ચકાસી લેવુ.

ખેડુતો ઝડપથી જમીન રેકોર્ડ ચકાસી લે અને જો કોઈપણ ફેરફાર હોય તો સંબંધિત મામલતદારને જુના સાચા પુરાવા સાથે લેખીત અરજી કરે અને અરજીની નકલો સાચવીને રાખે. જમીનને લગતા જુના નવા બધા કાગળો સાચવી રાખો.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in